સાંદિપની શાળા વિકાસ સંકુલ — મહેસાણા
શ્રી એસ.વી.શાહ વિદ્યાવિહાર, મહેસાણા

# પ્રથમ પરીક્ષા - 2025

**સમય : 2 કલાક** **ધોરણ 11 : ગુજરાતી** **કુલ ગુણ : 50**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રને A, B, C, D, E પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે.
(2) બધા જ વિભાગો તથા પ્રશ્નો ફરજિયાત છે.
(3) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.
(4) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરો.

## વિભાગ – A (પદ્ય આધારિત)

- **નીચેના પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** [ 1 ]

1. 'સીમ અને ઘર' કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.

- **નીચે આપેલા પ્રશ્નોનો ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.** [ 2 ]

2. કવિએ કયું અચરજ જોયું ?
(A) શ્રીફળ (B) કાયા (C) સરોવર (D) દર્પણ

3. નાવિકના મનનું સમાધાન કોણે કર્યું ?
(A) અહલ્યા (B) શ્રીરામ (C) વિશ્વામિત્ર (D) સીતા

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [ 2 ]

4. વિજય પછી અશોકના મનમાં શો વિચાર સ્ફુર્યો ?
5. વિષયાએ વિષનું વિષયા કેવી રીતે કર્યું ?

- **નીચેના પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો.** [ 2 ]

6. ચક્રવાક ચક્રવાકીને બીજે નહીં વસવા અંગે શું કારણ આપે છે ?

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ એક)** [ 3 ]

7. પરાજયની જીત શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

અથવા

7. ચંદ્રહાસનું પાત્રાલેખન કરો.

## વિભાગ – B (ગદ્ય આધારિત)

- **નીચેના પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર લખો.** [ 1 ]

8. 'બૂરાઈના દ્વાર પરથી' પાઠના લેખકનું નામ જણાવો.

- **નીચે આપેલા પ્રશ્નોનો ઉત્તર યોગ્ય વિકલ્પ પસંદ કરી લખો.** [ 2 ]

9. વિક્રમચરિત્રમાં જયશંકરે કોની ભૂમિકા ભજવી હતી ?
(A) લલિતા (B) રંભા દૂધવાળી (C) સુંદરી (D) કુમુદ

10. સર્વ ઇન્દ્રિયોમાં કોનું સ્થાન વિશિષ્ટ છે ?
(A) આંખ (B) કાન (C) નાક (D) જીભ

- **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** [ 2 ]

11. અલી ડોસા માટે પોસ્ટઓફિસ શું બન્યું ?
12. મિલોએ કઈ પંક્તિનો જાહેરાત તરીકે ઉપયોગ કર્યો ?

Master Classes Chirag Prajapati 9824149446

- **નીચેના પ્રશ્નનો ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો.** [2]

13. ખેસધારી વેપારીએ સુમનલાલને શા માટે થોભી જવા કહ્યું ?

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈ પણ એક)** [3]

14. પોસ્ટ-ઑફિસ વાર્તાનો અંત તમારા શબ્દોમાં લખો.

અથવા

14. અમૃતાનો પાંચીકા પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ - C (વ્યાકરણ આધારિત)

- **નીચે આપેલ શબ્દના બે સમાનાર્થી શબ્દો શોધીને સામ-સામે લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) (કોઈ પણ બે)** [1]

15. તલવાર — ડાહી, ઠાવકી
16. શાણી — અસિ, ખડગ
17. હેમ — વલ્લારી, લતા
    — સુવર્ણ, સોનુ

- **નીચે આપેલા વાક્યોમાં રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ લખી અર્થ ન બદલાય તેમ વાક્ય ફરી લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) (કોઈ પણ બે)** [1]

18. મુંબઈનો વસવાટ તેમના સ્વાસ્થ્ય માટે <u>પ્રતિકૂળ</u> હતો.
19. <u>ટાઢા</u> રોટલા કેમ ખાવ છો ?
20. આપણે <u>જાણતા</u> હોતા નથી.

- **નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ) (કોઈ પણ બે)** [1]

21. વસ્તુને જોવા વિચારવાની રીત
22. ઘોડાની પીઠ પરની બેઠક
23. જેની ઉપમા ન આપી શકાય તેવું

- **નીચે આપેલા તળપદા શબ્દોના શિષ્ટ અર્થ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ)** [1]

24. અંઘોળ
25. લૂલી

- **નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો.** [1]

26. શીક્ષિત
27. રૂધિર

- **નીચે આપેલા શબ્દોના અર્થભેદ લખો. (પ્રત્યેકનો 0.5 ગુણ)** [1]

28. દિન - દીન
29. પાણિ - પાણી

- **નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.** [1]

30. ગૂંચ ઉકલી જવી

અથવા

30. ડઘાઈ જવું

- **નીચે આપેલા પ્રશ્નોના સૂચના મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ) (કોઈ પણ ત્રણ)** [3]

31. લોકો મીઠી નિંદ્રાથી ઘોરતા હતા. (પ્રત્યય સુધારી વાક્ય ફરીથી લખો.)
32. હું બાર વરસનો ત્યારે એ નવની. (સંયોજક શોધીને લખો.)
33. સરિતાના જલ કૃષ્ણ જરા થયા. (વાક્યમાં રહેલ વિભક્તિનો પ્રકાર ઓળખાવો.)
34. હવે એમ જ લાગ્યું. હું સ્ત્રી જ છું. (વાક્યમાં સંયોજક મૂકી વાક્ય ફરીથી લખો.)

## વિભાગ – D (અર્થગ્રહણ)

- **નીચે આપેલા કાવ્યને વાંચી, સમજી તેની નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** [4]

અસ્ત થાતાં રવિ પૂછતો અવનિને :
સારસે કોણ કર્તવ્ય મારા ?
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ,
મોં પડ્યાં સર્વનાં સાવ કાળા.
તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યું :
'મામુલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ !
એટલું સોંપજો, તો કરીશ હું.'

— રવીન્દ્રનાથ ટાગોર

**પ્રશ્નો :**

35. અસ્ત થાતાં રવિ કોને શો પ્રશ્ન પૂછે છે ?
36. રવિનો પ્રશ્ન સાંભળી સૌની કેવી મનઃસ્થિતિ થઈ ?
37. ભીડના કોક ખૂણેથી કોણ બોલ્યું ?
38. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

- **નીચે આપેલ ગદ્યખંડના આધારે તેની નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.** [4]

અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે, પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર આપણું ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર રૂઢ થતા નથી. એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરવા મંડીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે : ભયથી, લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકો છો. એમાં અભ્યાસ કરનારને વિવેકબુદ્ધિ ખીલવવી પડતી નથી. સરકસના મેનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એ જ રીત અજમાવે છે. ઘણા ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવા પ્રયત્ન કરે છે, પણ આ રીતે પાડેલી ટેવોમાંથી જ્યારે વિશ્વાસ ઊઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે ?

**પ્રશ્નો :**

39. આપણા દેશમાં લાંબા કાળથી શું સમજાયેલું છે ?
40. દરેક ક્રિયા કઈ ત્રણ રીતે કરી શકાય છે ?
41. સરકસના મેનેજર જનાવરોને કેવી રીતે કેળવે છે ?
42. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

- **નીચે આપેલ બે વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.** [2]

43. સાચું કહું છું આજ હવે છેલ્લો દિવસ છે અરેરે છેલ્લો મરિયમ ન મળી કાગળે ન મળ્યો.

## વિભાગ - E (લેખન સજ્જતા)

6

- **નીચે આપેલી પંક્તિનો વિચાર-વિસ્તાર કરો.** [3]

44. કે હીન જન્મે નવ હીન માનવ,

    કે હીન કર્મે કરી હીન માનવ.

- **નીચે આપેલા વિષયો પૈકી કોઈ પણ એક વિષય પર આપેલા મુદ્દા પરથી આશરે 300 શબ્દોમાં નિબંધ લખો.** [7]

45. ભ્રષ્ટાચાર ભગાવો - ભારત બચાવો

    પ્રસ્તાવના – ભ્રષ્ટાચારના ક્ષેત્રો – ભ્રષ્ટાચારીઓ અને તેઓનાં અન્ય કૃત્યો – ભ્રષ્ટાચાર આચરવાના કારણો – ભ્રષ્ટાચાર દૂર કરવાના ઉપાયો – ઉપસંહાર.

અથવા

45. પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન

    પ્રસ્તાવના – પ્રવાસના વિવિધ ફાયદા – પ્રત્યક્ષ જ્ઞાન – સૌંદર્ય દૃષ્ટિનો વિકાસ – સામૂહિક જીવનનો અનુભવ – સાંસ્કૃતિક વૃત્તિનો વિકાસ – ઉપસંહાર.

અથવા

45. સ્વચ્છતા ત્યાં પ્રભુતા

    પ્રસ્તાવના – શરીરની સ્વચ્છતા – ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેના પ્રયત્નો – ગામડાં અને શહેરોની સ્થિતિ – ગાંધીજીના સ્વચ્છતા અંગેના પ્રયત્નો – સ્વચ્છતાની જવાબદારી – વિદેશોમાં સ્વચ્છતા – ઉપસંહાર.

Master Classes Chirag Prajapati 98241 49446